હરિની દૃષ્ટિ...

- હરિન ભટ્ટ

બહેન. આ વજન ઊતારવાની દવા અકિસર છે... તમે જોતા નથી આ એટલી વેંચાય છે. કે... મારૂ વજન વધી ગયું ...!!

દહેગામ તાલુકાના નાંદોલ કલસ્ટરની પ્રાથમિક શાળાઓના પ્રવેશોત્સવમાં લિહોડા ગાયત્રી વિદ્યામંદિરના આચાર્ય બહેચરભાઈ ચૌધરીને સરકારી પ્રતિનિધિ તરીકે વિશેષ બાળદેવોને આવકારવાનો રૂડો અવસર મળતાં આનંદિત બન્યા.

ખ માર્ગ પર ટ્રેલરની ટક્કરે એકટીવા પર સવાર બે મિત્રોના મોત

મિત્રની બર્થ ડે પાર્ટી ઉજવી ઘરે પરત જઈ રહ્યા હતા, ટ્રેલર ચાલક ટકકર મારી નાસી ગયો, મૃતકના મોબાઈલની ફિંગર પ્રિન્ટથી પરિવારજનો મળ્યા, બે મિત્રોના મોતથી પરિવારમાં માતમ છવાયો

ગાંધીનગર, તા.૨૬

શહેરના ખ માર્ગ પર પ્રમુખ નગર ચાર રસ્તા પાસે મોડીરાતે ટ્રેલર ચાલકે પુરઝડપે અને

ગફલતભરી રીતે હંકારી એકટીવાને ટક્કર મારતા માર્ગ પર પટકાતા બે મિત્રોના ગંભીર ઈજાને પગલે કમકમાટીભર્યા મોત નિપજયા હતા. મિત્રની બર્થ ડે પાર્ટી કરી બંને મિત્રો ઘરે પરત જઈ રહ્યા હતા, ત્યારે અકસ્માત સર્જાયો હતો. બનાવને પગલે સેકટર-૭ પોલીસ મથકના જવાનો દોડી પહોચ્યા હતા. જયારે મૃતક યુવકના ફિંગર પ્રિન્ટથી મોબાઈલ ફોનનું લોક ખોલી પરિવારજનોને જાણ કરી હતી.

શહેરના ચ માર્ગ પર સેકટર-૨૯ જવાના કટ પાસે સ્કુલવાનના ચાલકે બાઈક ચાલક યુવકને ટક્કર મારતા સાદરા ગામનો યુવક નીચે પટકાતા ગંભીર ઈજાને પગલે તેનું ઘટના સ્થળે જ મૃત્યુ થયું હતું.જયારે અકસ્માત બાદ સ્કુલવાનનો નાના ભુલકાઓ બેઠા હોવા છતા વાન દોડાવી મુકી હતી. ત્યારે આ બનાવની શાહી હજી સુકાઈ નથી. ત્યાં ખ માર્ગ પર રાત્રીના સમયે ટ્રેલરની ટક્કરે એકટીવા પર સવાર બે મિત્રો નીચે માર્ગ પર પટકાતા માથાના ભાગે ગંભીર ઈજાને પગલે તેઓના મૃત્યુ નિપજયા હતા. ત્યારે સુત્રો દ્વારા મળતી વિગત મુજબ શહેરના સેકટર-૩ ડી પ્લોટ નં.૧૦૬૪ ખાતે રહેતા હર્ષદભાઈ ચૌહાણ પ્રિન્ટીંગ પ્રેસનો વ્યવસાય કરે છે. હર્ષદભાઈ ચૌહાણનો ૨૨ વર્ષિય પુત્ર ભાર્ગવ કોલેજ પૂર્ણ કર્યા પછી સ્પર્ધાત્મક પરિક્ષાની તૈયારી કરી રહ્યો હતો. જયારે તેનો મિત્ર જૈનિલસિંહ (રહે. સેકટર-૧૬ ૧૩૪-૩ છ ટાઈપ) ના પિતા એસઆરપી ગ્રુપ-૧૨ માં ફરજ બજાવે છે. ગઈકાલે ભાર્ગવ અને જૈનિલ એકટીવા નં.જીજે.૧૮.સી.એસ.-૫૨૭૬ લઈને મિત્રના જન્મદિવસની પાર્ટીમાં સરગાસણ ગયા હતા. પાર્ટી પૂર્ણ કરીને બંન્ને મિત્રો મધ્યરાત્રીએ ઘરે પરત ફરી રહ્યા હતા. તે સમયે ખ માર્ગ પર પ્રમુખનગર ચોકડી પાસે ટ્રેલરના ચાલકે એકટીવાને ટક્કર મારી અકસ્માત સર્જયો હતો. અકસ્માત બાદ ટ્રેલર ચાલક નાસી ગયો હતો. જયારે એકટીવા પર સવાર બંન્ને મિત્રો રોડ પર પટકાયા હતા. ત્યારે બંન્ને મિત્રોને માથાના ભાગે તેમજ શરીરે ઈજા પહોંચતા ઘટના સ્થળે જ મૃત્યુ થયા હતા. જયારે બનાવની જાણ થતા પોલીસ સ્ટાફ ઘટના સ્થળે આવી પહોંચ્યો હતો અને તપાસ હાથ ધરી હતી. પોલીસને બનાવ સ્થળ પરથી કોલેજ બેગ મળી આવી હતી. પરંતુ તેમાં કોઈ હકીકત જાણવા મળી ન હતી.જયારે મોબાઈલનુ લોક ખોલવા માટે પણ પ્રયત્ન કરી રહ્યા હતા તે સમયે મૃત યુવકના ફીંગરપ્રિન્ટ વડે મોબાઈલ ફોન ખુલી જતા બંને યુવકના પરિવારજનોને શોધી કાઢ્યા હતા.જયારે પોલીસે ટ્રેલરની તપાસ કરતા તે સરગાસણ થી મહાત્મા મંદિર તરફ જઈ રહ્યું હોવાની વિગતો મળી છે. બનાવ અંગે સેકટર-૭ પોલીસે ગુનો નોંધી ટ્રેલર ચાલકને પકડવા માટે ચક્રો ગતિમાન કર્યા છે.

ખૂણેખાંચરેથી

● વેટરનરી તબીબ તરીકે સ્વૈચ્છીક નિવૃત્તિ લેનાર ગાંધીનગરના પ્રશાંત પાંચલોટીયા સાથે પાંચ કલાકારોએ હેલ્લો જીંદગી નામની ગુજરાતી ફિલ્મમાં અભિનય આપ્યો છે. જે ફિલ્મ હમણાંજ રિલીઝ થઈ છે. આ ફિલ્મની નાયિકા પણ ગાંધીનગરની છે.

● આજે સાંજે પાંચ વાગ્યાના સુમારે ચડેલ આંધીમાં ગાંધીનગરના દ્વિચક્રી વાહનચાલકો પરેશાન થયા હતા.

● દહેગામ તાલુકાની ઝાંક જી.આઈ.ડી.સી.માં એક કંપનીના ચીફ ફાયનાન્સીયલ ઓફિસર દ્વારા ૨૮ કરોડથી વધુની ઉચાપત અંગે પોલીસ ફરિયાદ નોંધાઈ છે.

● ગાંધીનગર શહેરમાં જાહેરમાં કચરો બાળવાની ઘટનાઓ વધવા પામી છે.

● સે. ૨૩ ખાતે આવેલી એસ.જી. અને એસ.વી. પ્રા. શાળામાં વૃક્ષારોપણનો કાર્યક્રમ યોજાયો હતો જેમાં બાળકોએ હોંશથી ભાગ લીધો હતો.

● લાયોનેસ કલબ ગાંધીનગર દ્વારા ધોળાકુવામાં આવેલ આશ્રમશાળાના બાળકોને પગરખા વિતરણ કરાયુ હતુ.

● વનરક્ષક ભરતીની શારિરીક કસોટી તા. ૨૮ અને ૨૯ જૂનના રોજ સે. ૨૭ ખાતે યોજાશે.

● જિલ્લા આયુર્વેદ શાખા દ્વારા ૧૪ થી ૨૧ જૂન દરમ્યાન રોગ અનુસાર યોગનું આયોજન કરાયુ હતુ જેમાં ૧૩,૮૮૦ લોકો જોડાયા હતા.

● ગાંધીનગર શહેરમાં આજેખંડીયવૃષ્ટિનોઅનુભવલોકોએ કરી આશ્ચર્ય અનુભવ્યુ હતુ.

● ગાંધીનગરની એસ.ટી. બસો છેલ્લા થોડાક દિવસોથી અનિયમિત થતાં મુસાફરોની પરેશાની વધી છે. સમયપત્રકમાં થયેલા સુધારાઓ પણ બોર્ડ પર દર્શાવાયા ન હોવાનું મુસાફરોએ આપવીતી રજુ કરતા કહ્યું હતું.

રસોઈના વાસણો લઈ જઈ બારો બાર વેચી દેતો શખ્સ ઝડપાયો

ગાંધીનગર, તા.૨૬

રસાઈ બનાવવાના વાસણો લઈ જઈ બારોબાર વેચી દઈ છેતરપિંડી આચરતા રીઢા ગુનેગારને રખીયાલ પોલીસે પકડી પાડ્યો છે.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ રખીયાલ પોલીસ મથકના જવાનો પોલીસ પેટ્રોલીંગ અને વાહનચેકીંગની કામગીરી કરી રહ્યા હતા. તે સમયે ઈકો ગાડી નં. જી.જે.૦૯.એ.જી.-૪૦૨૯ ના ચાલકને ઈશારો કરી ગાડી સાઈડમાં ઉભી રખાવી હતી. પોલીસે ગાડીમાં તપાસ કરતા રસોઈ બનાવવાના જુના વાસણો ભરેલા હતા. જેથી ઈકો ચાલકે ગાડી ભાડેથી કરી હોવાનું જણાવ્યું હતું. જયારે પોલીસે ઈકો ગાડી ભાડે કરી વાસણો લઈ જનાર શખ્સ કનૈયાલાલ ઉર્ફે કેતન ડાહ્યાલાલ મહેતા (ઉં.૫૨, રહે.આગીયોલ, તા.હિંમતનગર, જી સાબરકાંઠા) ને પુછપરછ કરતા તે સંતોષકારક જવાબ આપી શક્યો ન હતો. જેથી રસોઈના વાસણો ચોરી કે છળકપટથી લાવ્યો હોવાનુ લાગતા પોલીસે વાસણ નંગ-૩૮ કિં.૨૦ હજારના મુદ્દામાલ કબ્જે કરી વધુ તપાસ હાથ ધરી હતી. ત્યારે શખ્સની પુછતાછ કરતા વિવિધ ગામોમાં જઈને ત્યાં રહેતા અને રસોઈ કામ કરતા વ્યકિતોનો સંપર્ક કરી તેને વિશ્વાસમાં લઈ ભાડે થી રસોઈના વાસણો લઈ જઈ વેચી દેતો હોવાની હકીકત સામે આવી છે. ત્યારે આરોપીએ છેલ્લા ત્રણ માસમાં ૬ જેટલી જગ્યાઓ પરથી વાસણો લઈ ગયાની કબુલાત કરી હતી. જેથી પોલીસે શખ્સની સામે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

શહેરમાં આયોજીત ઓવરસીસ એકસ્પોની હજ્જારો નાગરીકોએ મુલાકાત લીધી

ગાંધીનગર, તા.૨૬

શહેરના સેકટર-૧૨ ઉમિયા માતા મંદિર ખાતે શનિ-રવિવાર બે દિવસીય ભવ્ય ઓવરસીસ એકસ્પોનું આયોજન કરવામાં આવ્યું હતું. આ એકસ્પોમાં શહેરની નામાંકિત વિઝા ઓવરસીસએ ભાગ લીધો હતો. આ ઓવરસીસ એકસ્પોનું ઉદ્ઘાટન અને દિપ પ્રાગટ્ય શહેરના મેયર હિતેશ મકવાણાના હસ્તે કરવામાં આવ્યું હતું. જયારે એકસ્પોની મુલાકાત વોર્ડ નં-૧ ના કોર્પોરેટર રાકેશ પટેલે પણ મુલાકાત લીધી હતી. જયારે વિદેશ જવા માટે ઈચ્છુક યુવક-યુવતિ માટે આ એકસ્પો ખુબ જ ઉપયોગી સાબિત થયો છે. શહેરના નાગરીકોને આ એકઝીબિશનમાં આવ્યા બાદ વિઝા અંગે સંપૂર્ણ માહિતી મળી રહી હતી. તે ઉપરાંત આગામી સમયમાં ભવિષ્યમાં શું કરવું તેનુ સચોટ માર્ગદર્શન મળી રહ્યું હતું. બે દિવસીય ઓવરસીસ એકસ્પોમાં ગાંધીનગરાઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. જયારે શહેરમાં સૌ પ્રથમવાર આયોજીત ઓવરસીસ એકસ્પોને સફળ બનાવવા માટે અભિ પ્રિન્ટર્સ અને મેનેજમેન્ટ જતન શ્રીગોડ તેમજ ટીમ દ્વારા કરવામાં આવ્યું હતું

વન કન્યા : પોળો વિષય પર વાર્તાલાપ યોજાયો

ગાંધીનગર, તા. ૨૬

ગૂજરાત વિદ્યાપીઠ અમદાવાદ સંચાલિત મહાદેવ દેસાઈ ગ્રામસેવા સંકુલ સાદરા ખાતે રાષ્ટ્રીય સેવા યોજના એકમ દ્વારા આઝાદીના અમૃત મહોત્સવ અંતર્ગત બળદેવ મોરીએ વન કન્યા પોળો વિષય પર સુંદર વાર્તાલાપ કર્યો હતો. વિજયનગરમાં આવેલ પોળોના જંગલ ત્યાંની વસ્તી, વનસ્પતિ, પ્રાણીઓ, પશુ પંખીઓ, ત્યાંના પર્વત પુરાત્વિક અવશેષો વગેરે મુદ્દાઓને આવરી લઈ વાર્તાલાપ કર્યો હતો. તેમાં સંકુલના સંયોજક રમેશભાઈ પટેલના સતત માર્ગદર્શન હેઠળ રાષ્ટ્રીય સેવા યોજના એકમના પ્રોગ્રામ ઓફિસર ડૉ. મોતીભાઈ દેવુંએ સમગ્ર કાર્યક્રમનું આયોજન અને સંચાલન કર્યુ હતુ. આભાર દર્શન ડૉ. દિવ્યેશ ભટ્ટે કર્યું હતું.

નાંદોલ કુમાર-કન્યા પ્રાથમિક શાળામાં પ્રવેશોત્સવ ઉજવાયો

ગાંધીનગર, તા. ૨૬

નાંદોલ કુમાર-કન્યા પ્રાથમિક શાળામાં કન્યા કેળવણી મહોત્સવ અને શાળા પ્રવેશોત્સવનું આયોજન કરવામાં આવ્યું. જેમાં મહેમાન બહેચરભાઈ જી. ચૌધરી લીહોડા ગાયત્રી વિદ્યામંદિરના આચાર્ય અને નાંદોલ સી.આર.સી. કો. ઓર્ડિનેટર જીગ્નેશભાઈ દેવકરણભાઈ પટેલની ઉપસ્થિતિમાં આ કાર્યક્રમ કરવામાં આવ્યો. જેમાં ગ્રામજનો એસએમસી સભ્યોએ આ કાર્યક્રમમાં ખુબ ખુબ સહકાર આપ્યો અને શાળાના સ્ટાફ મિત્રો તરફથી બંને શાળાના બાળકોને તિથિ ભોજન આપવામાં આવ્યું. ઈકો ગ્રીન તરફથી તેમજ પટેલ વિનાયકભાઈ તરફથી ચોપડા આપવામાં આવ્યા. નૈલેષભાઈ તરફથી બંને શાળાને વસ્તુ સ્વરૂપે દાન આપ્યું. વર્ષાબેન કન્યા શાળા તરફથી બંને શાળાને નોટબુકો, મનુકાકા તરફથી રોકડ દાન તેમજ દશરથસિંહ તરફથી તિથિ ભોજનમાં સહકાર આપ્યો. કોકિલાબેન તરફથી કન્યા શાળાને દાન આપવામાં આવ્યું હતું.

ગુજરાત વિધાનસભાની ચૂંટણીઓ નજીક આવી રહી છે અને તે સાથે રાજકીય પાર્ટીઓ પણ 'ઈલેક્શન મોડ'માં જોવા મળી રહી છે. ગુજરાતમાં પગપેસારો કરવાની ફિરાકમાં આમ આદમી પાર્ટી દ્વારા દિલ્હી મોડેલને અનુસરીને રાજ્યમાં મોંઘી વિજળીનો મુદ્દો ઉઠાવીને સત્તાપક્ષને ઘેરવાનો વ્યુહ અપનાવ્યો છે જે અંતર્ગત ગ્રામ્ય વિસ્તારમાં જનજાગૃતિ અભિયાન શરૂ કરાયું છે. ગાંધીનગર તાલુકાના રૂપાલ ખાતે 'આપ'ના કાર્યકરોએ 'સસ્તી વિજળી' માટે દેખાવો યોજ્યાં હતા.

મહાનગર ભાજપા દ્વારા ઘ-૫ સર્કલ પાસે વિવિધ પ્લે કાર્ડ દર્શાવી કટોકટીના કાળા અધ્યાયનો વિરોધ નોંધાયો

ગાંધીનગર, તા.૨૬

તારીખ ૨૫ જૂન ૧૯૭૫ના રોજ તત્કાલીન પ્રધાનમંત્રી ઈન્દિરા ગાંધી દ્વારા લોકતંત્રની હત્યા કરી, કરોડો દેશવાસીઓના મૂળભૂત હકોનું હનન કરી દેશ પર કટોકટી થોપવામાં આવી તે સંદર્ભે મહાનગર ભાજપા દ્વારા ઘ-૫ સર્કલ પાસે વિવિધ પ્લે કાર્ડ દર્શાવી કટોકટીના કાળા અધ્યાયનો વિરોધ નોંધાવાયો હતો. આ વિરોધ કાર્યક્રમમાં મહાનગર ભાજપા અધ્યક્ષ ઋચિર ભટ્ટ, મેયર હિતેશ મકવાણા, ડૅ. મેયર પ્રેમલસિંહ ગોલ, સ્ટે.કમિટી ચેરમેન જસવંતભાઈ પટેલ, મહામંત્રી કનુભાઈ દેસાઈ, ગૌરાંગભાઈ પટેલ, ધર્મેન્દ્રસિંહ વાઘેલા, સંગઠનના હોદ્દેદારો, કોર્પોરેટરો, કાર્યકર્તાઓ ઉપસ્થિત રહ્યા હતા.

એપોલો સર્કલ પાસે સ્કાય ફોરેસ્ટમાં ઘર સફાઈ માટે આવેલી બંને બહેનો રૂ.૭.૭૫ લાખના દાગીના લઈ રફુચક્કર

ગાંધીનગર, તા.૨૬

ગાંધીનગર-અમદાવાદ માર્ગ પર એપોલો સર્કલ પાસે સ્કાય ફોરેસ્ટમાં ઘરકામ માટે આવેલી બંને બહેનોએ ઘરની તિજોરીમાં હાથફેરો કર્યો છે. બેડરૂમમાં રહેલી તિજોરીમાંથી રૂ.૭.૭૫ લાખના સોનાના દાગીના લઈ બે બહેનો ગાયબ થઈ ગઈ છે.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ એપોલો સર્કલ પાસે સ્કાય ફોરેસ્ટમાં એ-૫૦૩ ખાતે રહેતા કાવ્યા સુનિલ ગેહાની પોતાના પરિવાર સાથે રહે છે. જયારે ફરીયાદીના પતિ કાલુપુર રેવડી બજારમાં કપડાનો વેપાર કરે છે. ફરીયાદી પંદર દિવસ પહેલા જ રહેવા માટે આવ્યા છે. જયારે ગત તા.૨૧ જુનના રોજ ફરીયાદીના કામવાળા બહેન ધર્મિષ્ઠાબેન ત્રણ દિવસની રજા પર ગયા હતા. જેથી બાજુમાં રહેતા પાડોશી બહેનને કોઈ કામવાળી બહેન હોય તો મોકલી આપવા કહ્યું હતું. જેથી તેમના ઘરે અગાઉ કામ માંગવા માટે આવતી બે બહેનો વર્ષા અને લત્તાને કાવ્યા બેનના ઘરે બપોરે સાડા બાર વાગે મોકલી આપી હતી.પરંતુ તે દિવસે ઘરકામ પુરુ થઈ ગયું હોવાથી બીજા દિવસે આવવા માટે કહ્યું હતું. બીજા દિવસે ફરીયાદી અને તેણીના સાસુ ઘરે હતા તે દિવસે તા.૨૨ જુનના રોજ સાડા અગીયાર વાગે બે બહેનો આવી ગઈ હતી અને ઘરનું કામ કરવા લાગી હતી. ફરીયાદી રસોડામાં રસોઈ બનાવવામાં વ્યસત હતા. તે સમયે બંને બહેનો કચરા પોતા કરતી હતી. જયારે દિકરી સ્કુલેથી આવતા ફરીયાદીના સાસુ નીચે લેવા માટે ગયા હતા. તે સમયે લત્તા નામથી યુવતિ પ્રેગનન્ટ હોવાથી ડાઈનીંગ ટેબલ પર બેસી ફરીયાદી પાસે વાતચીત કરી રહી હતી. તે સમયે વર્ષા બેડરૂમમાં કચરા પોતુ કરવા લાગી હતી.જયારે ફરીયાદીના સાસુ દિકરીને લઈ ઉપર આવ્યા હતા. તે સમયે બંને બહેનો કામ પુરુ થઈ ગયું છે અમે જઈએ છીએ તેમ કહી જતી રહી હતી. જયારે તા.૨૪ જુનના રોજ ઘરે ફંકશન હોવાથી બેડરૂમની તિજોરીમાં મુકેલા સોના ચાંદીના દાગીના લેવા માટે જતા ક્રીમ કલરની લેધરની બેગમાં એક ગુલાબી કલરના નાના પર્સમાં અંદર મુકેલા દાગીના ગાયબ હતા. ત્યારે ઘર સાફ સફાઈ માટે આવેલી બંને બહેનો ઘરની સાથે સાથે બેડરૂમમાં રહેલી તિજોરીમાંથી ૧૫૫ ગ્રામ વજનના સોનાની ચેઈન, બંગડી, વીંટી, બુટ્ટી સહિત રૂ.૭.૭૫ લાખના દાગીના લઈ રફુચક્કર થઈ જતા કાવ્યાબેન ગેહાનીએ ફરીયાદ નોંધાવી છે.

પિયજ પ્રાથમિક શાળામાં પ્રવેશોત્સવ કાર્યક્રમમાં રાજ્યકક્ષાના આઈપીએસ અધિકારી હસમુખભાઈ એન. પટેલ, DIET ગાંધીનગરના અધ્યાપક અનવરભાઈ બગથરીયા, બી. આર. પી પ્રાપ્તિબેન પરીખ અને સી. આર. સી. નિલેશભાઈ ઝાલાએ ઉપસ્થિત રહી ધોરણ-૧માં પ્રવેશ લઈ રહેલા વિદ્યાર્થીઓને તથા જિલ્લાનું તેમજ રાજ્યકક્ષાના વિજેતા વિદ્યાર્થીઓ,શિક્ષકો અને દાતાશ્રીઓનું સન્માન કર્યું હતું.

ગાંધીનગર બ્રહ્માકુમારી કેન્દ્ર ખાતે કલ્પતરુહ પ્રોજેકટનો મુખ્યમંત્રીના હસ્તે શુભારંભ

ગાંધીનગર, તા.૨૬

બ્રહ્માકુમારી સેક્ટર-૨૮, ગાંધીનગર સેવાકેન્દ્ર ખાતે મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલના અધ્યક્ષ સ્થાને ગાંધીનગર મેયર હિતેશભાઈ મકવાણા, માઉન્ટ આબુના સિનિયર રાજયોગા ટીચર રાજયોગીની ઉષાદીદી, બ્રહ્માકુમારીઝ મણીનગર સબઝોન સંચાલિકા બી.કે.નેહાબેન, બ્રહ્માકુમારીઝ ગાંધીનગર સંચાલિકા રાજયોગીની કૈલાશદીદી સહિત ગાંધીનગર (દક્ષિણ)ના ધારાસભ્ય શંભુજી ઠાકોર, ગાંધીનગર મહાનગર ભાજપ અધ્યક્ષ રુચિરભાઈ ભટ્ટ, ગાંધીનગર ડેપ્યુટી મેયર પ્રેમલસિંહ ગોલ, સ્ટેન્ડિંગ કમિટી ચેરમેન જશુભાઈ પટેલ, કલેકટર ડૉ.કુલદીપ આર્યની ગરીમામય ઉપસ્થિતિમાં સર્વે મહાનુભાવોને 'કલ્પતરુહ' પ્રોજેક્ટ અંતર્ગત વૃક્ષારોપણ કરીને આ પ્રોજેક્ટને ગુજરાત ખાતે ખુલ્લો મૂકવામાં આવ્યો હતો. મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલે આ પ્રસંગે બ્રહ્માકુમારીઝ સંસ્થાના 'કલ્પતરુહ' પ્રોજેક્ટની સરાહના કરતાં સંસ્થાના કાર્યોને બિરદાવ્યા હતા. બ્રહ્માકુમારીઝ જેવી આધ્યાત્મિક સંસ્થા ધર્મના મૂલ્યોના જતનની સાથે સાથે અનેકવિધ સામાજિક પ્રવૃત્તિઓમાં વિશિષ્ટ યોગદાન આપી રહી છે તે બદલ સંસ્થાના સંચાલકોને અભિનંદન પાઠવ્યા હતા. વૃક્ષો વર્તમાન સમયની ખૂબ જ મહત્વની જરૂરિયાત છે. આ જરૂરિયાતને સમજીને અને પર્યાવરણના મૂલ્યોના જતન માટે બ્રહ્માકુમારીઝ દ્વારા ગુજરાતમાં ૬ લાખ અને સમગ્ર દેશમાં ૪૦ લાખ વૃક્ષારોપણ અને જતનના કાર્ય બદલ સરકાર વતી ખુશી વ્યક્ત કરી હતી. બ્રહ્માકુમારીઝનો 'કલ્પતરુહ' પ્રોજેક્ટ નવી ઉર્જા આપનારો બની રહેશે તેવો આશાવાદ વ્યક્ત કર્યો હતો. કાર્યક્રમના મુખ્ય વક્તા માઉન્ટ આબુથી પધારેલ સિનિયર રાજયોગા ટીચર રાજયોગીની ઉષાદીદીજી દ્વારા પરમપિતા શિવબાબાને યાદ કરીને કલ્પતરૂહ પ્રોજેક્ટ વિષે જાણકારી આપવામાં આવી હતી. સાથે તેમણે બ્રહ્માકુમારી સંસ્થાના કાર્યોની પણ ઝલક આપી હતી. તેઓએ બ્રહ્માકુમારી સંસ્થાના સામાજિક અને રાષ્ટ્રીય ક્ષેત્રે અનેક વિધ પ્રોજેક્ટ્સ થકી જે યોગદાન આપી રહેલ છે તે વિષે ઉપસ્થિત સૌને માહિતગાર કર્યા હતા.

અમીધારા કો. ઓ. સોસાયટીની વાર્ષિક સાધારણ સભા યોજાઈ

ગાંધીનગર, તા.૨૬

ગાંધીનગર ખાતે આવેલ અમીધારા કો ઓ ક્રેડિટ સોસાયટી ની વાર્ષિક સાધારણ સભા ગુજરાત નગર પાલિકા પરિષદ ગાંધીનગર ખાતે મળી હતી. જેમાં સોસાયટીના ચેરમેન ચંદ્રકાંત રાઠોડ, દિનેશભાઈ પરમાર વાઈસ ચેરમેન, વિનોદ આર. મકવાણા વાઈસ ચેરમેન, રમણલાલ ડી રોહિત મેનેજીંગ ડિરેક્ટર, ડાહ્યાભાઈ એસ વાઘેલા ડેપ્યૂટી મેને. ડીરેક્ટર, સુરેન્દ્ર કુમાર કે રાઠોડ ડેપ્યૂટી મેનેજીંગ ડિરેક્ટર, જયશ્રી બેન જે પરમાર ડીરેક્ટર, ડૉ ગુલાબચંદ પટેલ ડીરેક્ટર, કાંતાબેન વી ડોડીયા ડીરેક્ટર, બિપીનચંદ્ર સોલંકી ડીરેક્ટર, મનુભાઈ સી. પરમાર ડિરેક્ટર, પ્રવિણકુમાર એસ. રાઠોડ ડીરેક્ટર, આત્મારામ એસ. પંડ્યા ડીરેક્ટર, રમેશ એમ. સોલંકી ડીરેક્ટર તથા મેનેજર કમલેશ ચંદ્રકાંત રાઠોડ ઉપસ્થિત રહ્યા હતા. આ કાર્યક્રમમાં હિન્દી ગુજરાતી કવિ લેખક અને અનુવાદક, સામાજિક કાર્યકર નશા મુક્તિ અભિયાન પ્રણેતા તેમજ મહિલાઓ માટે બ્રેસ્ટ કેન્સર અવેરનેસ પ્રોગ્રામ યોજનાર ભૂત પૂર્વ ઓફિસ સુપ્રિટેન્ડેંટ અમદાવાદ શહેર

જિલ્લા શિક્ષણાધિકારી ઓફિસ, ઈંડિયન લાયન્સ ગાંધીનગર સ્વર્ણિમ કલબના ઉપ પ્રમુખ, મહાત્મા ગાંધી આત્મહત્યા નિવારણ કેન્દ્રના પ્રમુખ ડૉ. ગુલાબચંદ પટેલનું ગુલાબના ફૂલો ના બુકે દ્વારા સન્માન રમણલાલ ડી, રોહિત- મેનેજીંગ ડિરેક્ટર દ્વારા કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમ નું સંચાલન પ્રોફેસર બળદેવભાઈ વાઘેલા દ્વારા ખૂબ સુંદર રીતે કરવામાં આવ્યું હતું. તેઓની નિમણુંક ફરીથી ઈન્ટરનલ ઓડિટર તરીકે નિમણૂંક આપવામાં આવી હતી. તૃતીય વાર્ષિક અહેવાલ વર્ષ ૨૦૨૧ - ૨૨ ડેપ્યૂટી મેનેજીંગ ડિરેક્ટર ડાહ્યાભાઈ એસ. વાઘેલા દ્વારા પ્રસ્તુત કરવામાં આવ્યો હતો. આ કાર્યક્રમ ગત મીટીંગ ની કાર્યવાહી નોંધ વાઈસ ચેરમેન દિનેશભાઈ પરમાર દ્વારા રજૂ કરવામાં આવી હતી. સોસાયટીના ચેરમેન ચંદ્રકાંત રાઠોડ દ્વારા વર્ષ ૨૦૨૧ - ૨૨નું નફા નુકશાનનું સરવૈયું રજૂ કરવામાં આવ્યું હતું.